ગુરૂવારે કચ્છમાં વરસ્યા હળવાથી ભારે ઝાપટા

ભારે ગરમી વચ્ચે વાતાવરણમાં આવ્યો પલ્ટો : ભુજ, નખત્રાણા, માંડવી, ભચાઉ અને રાપર અંજાર, અબડાસાના છુટા છવાયા વિસ્તારોમાં વરસ્યું પાણી

ભુજ : આદ્રા નક્ષત્રના આરંભ સાથે કચ્છમાં શરૂ થયેલો વરસાદી માહોલ ધીરે ધીરે આગળ વધી રહ્યો હોઈ ગઈકાલે જિલ્લામાં હળવાથી ભારે ઝાપટા વરસ્યા હતા. ભુજ, નખત્રાણા, માંડવી, ભચાઉ અને રાપર અંજાર, અબડાસાના છુટા છવાયા વિસ્તારોમાં પાણી વરસતા સારા વરસાદની પ્રબળ બની છે.

આ અંગેની વિગતો મુજબ બુધવારે ભુજમા સટાસટી બોલાવનારા મેઘરાજા ગુરૂવારે નખત્રાણા પર હેત વરસાવ્યું હતું. ગામમાં અંદાજે એકાદ ઈંચ જેટલો વરસાદ વરસતા માર્ગો પરથી જાણભેર પાણી વહી નિકળ્યા હતા. ભારે પવનના લીધે બસ સ્ટેન્ડ પાસે હોર્ડિંગ્સ પણ ઉડ્યા હતા.

તો તાલુકાના સુખપર, દેવીસર, નાની મોટી વિરાણી, રામેશ્વર, ચાવડા, રતાશીયા સહિતના ગામોમાં પણ ઝાપટા વરસ્યા હતા. તો ભુજમાં ભુધવારે ભારે પવનના સુસવાટા સાથે વરસાદે હેત વરસાવ્યા બાદ ગુરૂવારે સતત બીજા દિવસે પણ ભુજમા હળવુ ઝાપટું વરસ્યું હતું. પૂર્વ કચ્છના અંજાર શહેર અને તાલુકાના સતાપર, વમલાસ, ભીમાસરમાં ઝાપટા વરસ્યા હતા. ભારે પવનના કારણે સતાપર અને અંજાર વચ્ચે રસ્તા પર વૃક્ષ પરાશાઈ થઈ ગયું હતું. જ્યારે ભચાઉના આંધોઈ, મોરગરમાં વરસ્યા હતા. આંધોઈમાં ઝાળની ડાળીઓ વીજરેશા પર પડતા વીજ પુરવઠો પણ ગુલ થયો હતો. રાપર તાલુકાના ઝમુંડા ગામમાં ભારે ઝાપટા વરસ્યા હતા.

માંડવી શહેરમાં ૯ એમએમ જેટલું પાણી વરસ્યું હતું. સીઝનમાં પહેલી વખત મેઘરાજાએ પધરામણી કરતા લોકો ખુશાખુશાલ બન્યા હતા. ઉપરાંત તાલુકાના નાની ખાખર અને કોડાયમાં મેઘરાજાએ પધરામણી કરી હતી. જ્યારે મુંદરા તાલુકાના પત્રી, વાંકીમાં ધીમીધારે વરસાદ શરૂ થયો હતો. જેત જોતામાં તોફાની પવન સાથે ભારે ઝાપટા વરસ્યા હતા. ભારે પવન સાથે વરસેલા વરસાદથી વાતાવરણમા ઠંડક પ્રસરી ગઈ હતી. તેમજ લોકોમાં પણ ખુશી જોવા મળી હતી. જિલ્લા મથક ભુજમાં ભારે ઉકળાટ બાદ માત્ર ઝરમરીયા વરસ્યા હતા.

નખત્રાણામાં ટ્રેકટરની ટ્રોલી પાછળ મૃત ગાયને ટસડીને લઈ જતા હોવાનો વીડિયો વાયરલ

ગૌપ્રેમીઓમાં રોષની લાગણી : ટ્રંક સમયમાં જ હાઈડ્રોલીક ટ્રોલીથી લમ્પી રોગના કારણે મૃત્યુ પામેલી ગાયના મૃતદેહનો કરાશે નિકાલ : તલાટી

નખત્રાણા : હિન્દુ સમાજમાં જેને માતાની ઉપમા આપવામાં આવી છે અને શાસ્ત્રોમાં જેમાં ૩૩ કરોડ દેવોનો વાસ દર્શાવવામાં આવ્યો છે. તે ગાયની મૃત્યુ બાદ દુર્દશા થતી હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. નખત્રાણા નગરમાં ટ્રેક્ટરની ટ્રોલી પાછળ ગાયના મૃતદેહને ઢસડીને લઈ જતા દ્રશ્યો લાગણીશીલ વ્યક્તિઓ માટે દુઃખદ બન્યા છે. નોંધનીય છે કે, નખત્રાણામાં હાલ ગૌ વંશમાં લમ્પી રોગ વ્યાપકપણે ફેલાયો છે, જેને લઈને અહીં દૈનિક બે-ત્રણ પશુનાં મરણ થઈ રહ્યા છે. જેમને ઢસડીને લઈ જવાતો વીડિયો વાઈરલ થતાં લોકોની લાગણીઓ દુભાઈ છે.

ઢોરવાડાના અભાવે પંચાયત દ્વારા ગામમાં જે કિલોમીટર દૂર મૃત પશુઓનો નિકાલ કરવામાં આવે છે, પરંતુ આ માટેની પ્રક્રિયા દુઃખ ઉપજાવનારી બની છે. તો વળી જાહેર માર્ગ પર મૃત પશુને ઢસડવાથી અન્ય જીવો માટે તે સંક્રમણનું વાહક બની શકે છે. જો કે, તંત્ર દ્વારા હવે આવું નહિ બને તેમ જણાવવામાં આવ્યું હતું. નખત્રાણામાં હાલ ગૌ વંશમાં લમ્પી રોગ વ્યાપકપણે ફેલાયો છે, જેને લઈને અહીં દૈનિક બે-ત્રણ પશુનાં મરણ થઈ રહ્યા છે. ખાસ કરીને ઉપચોગ બાદ બંધર કરી દેવાયેલી ગાયોનું સારવાર વિના મૃત્યુ થઈ રહ્યું છે. જેના નિકાલ માટે પંચાયત દ્વારા કોન્ટ્રાકટ આપવામાં આવ્યો છે અને ઠેકેદારના કામદારો મૃત ગાયને ટ્રેક્ટર ટ્રોલીના બદલે તેની પાછળ બાંધીને ઢસડી જાય છે.

આ અંગે તલાટી રમેશ માલીને પૂછતાં તેમણે કચ્છ ઉદયને કહ્યું હતું કે, આ દ્રશ્યો દુઃખદ છે. અને પંચાયતના ધ્યાનમાં પણ આવ્યા છે, તેથી હવે આવું નહિ બને જેની જાણ પણ કોન્ટ્રાકટરને કરી દેવામાં આવી છે. ટ્રંક સમયમાં હાઈડ્રોલિક ટ્રોલી દ્વારા મૃત પશુઓનો નિકાલ કરવામાં આવશે તેવું ઉમેર્યું હતું.

મહિના પછી ફરી એકવાર હરામીનાળામાંથી ૯ પાકિસ્તાની બોટ ઝડપાઈ

ત્રણ બોટ મળ્યા બાદ સર્ચ ઓપરેશન સઘન બનાવાતા વધુ ૬ બોટ મળી : દલદલી વિસ્તારનો લાભ લઈ પાકિસ્તાની માછીમારો પલાયન થઈ ગયા

ભુજ : એક મહિના પછી ફરી એકવાર હરામીનાળા સંવેદનશીલ વિસ્તારમાંથી એક સાથે નવ પાકિસ્તાની બોટ ઝડપાઈ છે. અગાઉ બપોરે ૩ બોટ મળ્યા બાદ સર્ચ સઘન બનાવાતા ૯ પાકિસ્તાની માછીમારી બોટ મળી આવી હતી. બીએસએફને જોઈને દલદલી વિસ્તારનો લાભ લઈ પાકિસ્તાની માછીમારો પલાયન થઈ ગયા હતા.

બીએસએફની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે હરામીનાળા વિસ્તારમાં ૩ પાકિસ્તાની ફિશિંગ બોટ અને ડેકલાક માછીમારોની શંકાસ્પદ હિલચાલ નજરે પડી હતી, જેથી તાત્કાલિક બીએસએફની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. બીએસએફની ટીમને જોઈને પાકિસ્તાની માછીમારો તેમની બોટ છોડીને નાસી છૂટવા લાગ્યા. જ્યારે બીએસએફએ ૩ પાકિસ્તાની બોટને ઝડપી પાડી હતી.

ભાગી છુટેલા માછીમારોને પકડવા માટે બીએસએફ દ્વારા સઘન સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવતા સાંજે બીજી છ બીનવારસુ બોટ મળી આવી હતી. આ બોટની તપાસ દરમ્યાન તેમાંથી માછલીનો જથ્થો, માછીમારીની જાળ તેમજ સાધનો મળી આવ્યા હતા. કોઈ શંકાસ્પદ સામગ્રી હાથ લાગી ન હતી.

કચ્છ જિલ્લા કોંગ્રેસના પ્રમુખ તરીકે યજુવેન્દ્રસિંહ જાડેજાની પુનઃ વરણી

ભુજ : અખિલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પ્રમુખ સોનીયા ગાંધી તથા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ જગદીશભાઈ ઠાકોર દ્વારા કચ્છ જિલ્લા કોંગ્રેસના સંગઠનના મોભી તરીકે યુવા નેતા યજુવેન્દ્રસિંહ જાડેજાને પુનઃ કચ્છ જિલ્લા કોંગ્રેસના પ્રમુખ પદે નિમણુંક કરાઈ છે. જેથી કચ્છ જિલ્લાના કોંગ્રેસી આગેવાનો, કાર્યકરોમાં ઉત્સાહ ફેલાયો છે.

યજુવેન્દ્રસિંહ જાડેજા સતત ત્રણ વર્ષથી કચ્છ જિલ્લા કોંગ્રેસની સંગઠનની જવાબદારી નિભાવી રહ્યા છે. તેઓ સારી કામગીરી, મુદ્દુ સ્વભાવ તેમજ ભાજપ સરકાર વિરૂદ્ધના કાર્યક્રમોમાં સતત સંઘર્ષશીલ અને અગ્રેસર રહેતા પાટી હાઈકમાન્ડે પુનઃ જવાબદારી સોંપી છે. આગામી સમયની ચૂંટણીઓમાં કોંગ્રેસ પક્ષ વધુ મજબૂત બનશે. આ વરણીને પ્રદેશ મંત્રીઓ વી.કે. હુંબલ, આદમભાઈ ચાકી, શૈલેન્દ્રસિંહ જાડેજા, ઉષા ઠક્કર, વાલજીભાઈ દનિયા, કલ્યાણબેન જોષી, શામજીભાઈ આહિર, અરજણ ભુતીયા, રાજેન્દ્રસિંહ જાડેજા, બચુભાઈ આરેઠીયા, અલીભાઈ કેર, હાજી હસન પઠાણ, રમેશભાઈ ડાંગર, શિવજીભાઈ આહિર, મહેશભાઈ ઠક્કર, તકીયા સૈયદ, કિશોરદાન ગઢવી, પી. સી. ગઢવી, દિપક ડાંગર, જની કુંભાર, ઘનશ્યામસિંહ ભાટી, કરસન સમા, ધીરજ રૂપાણી, અંજલિ ગોર સહિતનાઓએ આવકારી હતી.

હાજીપીર બસ શરૂ થતા ગામમાં સ્વાગત કરાયું

ડ્રાઈવર અને કંડક્ટરનું મુજાવર પરિવાર દ્વારા કરાયું સન્માન

ભુજ : ભુજથી હાજીપીરની બસ શરૂ થતા તે બસ હાજીપીર પહોંચતા તેનું સ્વાગત કરવામાં આવ્યું હતું. છેલ્લા ત્રણમાસથી ભચાઉ ડેપો દ્વારા હાજીપીરની બસ બંધ કરવામાં આવી હતી. જેને શરૂ કરવા માટે એસટી સલાહકાર સમિતિના સભ્ય ઉમેશભાઈ આચાર્યએ એસટી નિયામક શ્રી પટેલને રજૂઆત કરતા બસ શરૂ કરાઈ હતી.

ભચાઉ ડેપો દ્વારા ભુજ-હાજીપીર બસનું સંચાલન કરાતું હતું છેલ્લા ત્રણ મહિનાથી આ બંધ હોતા તેને શરૂ કરાવા માંગ કરાતા આખરે ભુજ-હાજીપીર-ભુજ બસ શરૂ કરવામાં આવી છે. આ બસ હાજીપીર પહોંચતા મુજાવર પરિવારના હાજી ઢાઢિલ મુજાવર, આમદ મોટા કાસમ જુસબ, અલ્લાહ જેડીયા મુજાવર દ્વારા એસ. ટી.ના પાયલોટ અને કંડકટરનું શાલ ઓઢાળી સન્માન કરાયું હતું. બસને નાળિયેર વધેરી બસને હાજીપીરથી એક કલાકના રોકાણ બાદ બસને ભુજ તરફ પ્રયાણ કરાઈ હતી. આ બસને ચાલુ કરવા એસટી ડેપો મેનેજર ટી.સી. વસંત અબોટી, વનરાજસિંહ જાડેજા સહયોગી રહ્યા હતા. આ બસ ભુજથી ૧૧:૩૦ કલાકે ઉપડી હાજીપીર ૨: ૪૫ કલાકે પહોંચશે. આજુબાજુના ગામોને આ બસ ખુબ ઉપયોગી થશે. કાર્યક્રમનું સંચાલન સદામ સત્તાર મુજાવરએ કર્યું હતું. આ તકે મોટી સંખ્યામાં હાજીપીરના ગ્રામજનો હાજર રહ્યા હતા.

આશાપુરા પરફોકલે દ્વારા શાળા પ્રવેશોત્સવ દિને લેર ગામની પ્રા. શાળામાં અપાઈ અનોખી ભેટ

ભુજ : આશાપુરા પરફોકલે લિમિટેડ અને આશાપુરા ફાઉન્ડેશન દ્વારા-હંમેશ સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવવા અગ્રેસર હોય છે, તેમના દ્વારા ભુજ તાલુકાના આરોગ્યને ધ્યાન લઈને લેર ગામની પ્રાથમિક શાળામાં આશરે રૂા. દોઢ લાખની કિંમતના પાણી પ્રશુદ્ધીકરણ માટે આરઓ પ્લાન્ટ, વોટર કુલર તેમજ આરઓ પ્લાન્ટ રૂમની વ્યવસ્થા કાયમી પોરણે કરાઈ છે. જેનો પ્રવેશ ઉત્સવ પ્રસંગે ખૂલ્લું મુકવામાં આવેલ. આ ઉપરાંત નાંસ્તાની વ્યવસ્થા આશાપુરા કંપની દ્વારા કરવામાં આવી હતી. કંપનીના હેડ ઓપરેશન્સ દ્વારા પ્રાસંગિક વક્તવ્યમાં ભવિષ્યમાં સ્કુલમાં કે બાળકોના આરોગ્ય અને શિક્ષણ હેતુ માટે કંપની મદદરૂપ થઈ શકે તેવા તમામ કાર્ય કરતા રહેવાની કટિબદ્ધતા દર્શાવાઈ હતી. આ પ્રસંગે દ્વારા આશાપુરા પરફોકલે લિમિટેડના હેડ ઓપરેશન્સ જયેશભાઈ ઠક્કર તેમજ એચ.આર. હેડ ડી.એસ. ત્રિપાઠી, નવનીતભાઈ ચોટેરા, વિક્રમસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા.

ગાગોદરમાં યોજાયેલા નિઃશુલ્ક નિદાન કેમ્પનો ૨૨૫ દર્દીઓએ લાભ લીધો

ગાગોદર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ગ્રામ પંચાયત અને માતૃ સ્પર્શ મલ્ટીસ્પેશિયલ હોસ્પિટલ દ્વારા કરાયું આયોજન

રાપર : તાલુકાના ગાગોદર ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ગ્રામ પંચાયત અને માતૃસ્પર્શ મલ્ટી સ્પેશિયલ હોસ્પિટલ દ્વારા ૩૫મા અમૃત મહોત્સવ અંતર્ગત નિઃશુલ્ક નિદાન શિબિર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૨૫ દર્દીઓએ લાભ લીધો હતો. કેમ્પની શરૂઆત નવલશંકરભાઈ શાસ્ત્રી, સરપંચ સોનીબેન વાઘેલા, ઉપસરપંચ બાઈજીબેન ભરવાડ, હરેશભાઈ જોષીના હસ્તે દિપપ્રાગટ્યથી કરાઈ હતી. આ તકે વિકાસભાઈ રાજપરે જણાવ્યું કે, હોસ્પિટલમાં સરકાર દ્વારા અકસ્માત સારવાર અને ૧૪ વર્ષ સુધીના બાળકો માટે આયુષ્યમાન યોજના અંતર્ગત સેવાઓ આપવામાં આવે છે અને વાગડમાં જ્યાં પણ નિઃશુલ્ક નિદાન કેમ્પની જરૂર હશે ત્યા જરૂરિયાત મુજબ દવા પણ આપવામાં આવશે. આ કેમ્પમાં પૂર્વ સરપંચ દેવાભાઈ ભરવાડ, વાઘજીભાઈ પ્રજાપતિ, નરેશભાઈ પ્રજાપતિ, પ્રકાશ વ્યાસ, સંજય વણકર, કુલદીપસિંહ, ધ્રુવ રાજગોર, રાહુલ ઢાકડા, અજુલભાઈ મીર સહિતનાઓ જોડાયા હતા તથા ડો. વિવેક દેગામા, ડો. નિકુંજ પટેલ, ડો. ભુમિકા પટેલ, ડો. નિપાતા દેગામા, પીએચડી ડો. મનીષા પ્રજાપતિ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના નરેશભાઈ, ઉષાબેન જોષી, હંસલબેન, નિમુબેન, સમેશભાઈ પ્રજાપતિ, આમીનભાઈ મીર વગેરેએ સેવા આપી હતી.

VINAY CINE COMPLEX ADIPUR
Contact : 9978996131-02836-260885

JUGJUGG JEEYO - 09:30am, 12:15pm, 01:15pm, 03:00pm, 04:00pm, 08:00pm, 09:45pm, 10:45pm
NAADI DOSH (GUJARATI) - 10:00am, 12:15pm, 02:30pm, 05:45pm, 10:15pm
KEHVATAL PARIVAR (GUJARATI) - 07:45pm
777 CHARLIE - 04:45pm
VIKRAM (HINDI) - 10:15am, 06:45pm
* SHOW TIMINGS MAY CHANGE WITHOUT PRIOR NOTICE

ભુજમાં દર્દીઓ માટે નિઃશુલ્ક મેડિકલ નિદાન કેમ્પનું આયોજન કરાશે

ભુજ : શહેરમાં આવેલી એશ્વર્ય હોસ્પિટલ ખાતે બ્રહ્મકુમારીઝ તપસ્યા ભવન તેમજ આત્મા ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે નિઃશુલ્ક મેડિકલ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૩-૭-૨૦૨૨ના રવિવારે સવારે ૧૦:૦૦થી બપોરે ૧:૦૦ વાગ્યા સુધી કેમ્પને ખુલ્લો મુકવામાં આવશે. આ કેમ્પમાં લકવાગ્રસ્તના નિષ્ણાંત ડો. જીતેન્દ્ર શર્મા, ન્યુરોસર્જન ડો. પંકજ ભરડવા, બાયપાસ સર્જન ડો. ગણેશ અગ્રવાલ અને ક્રિટીકલ કેર સ્પેશ્યાલીસ્ટ ડો. નયુમા સોઢા દ્વારા સેવા આપવામાં આવશે. આ કેમ્પમાં આયુષ્યમાન કાર્ડમાં એન્જીયોગ્રાફી, એન્જિયોપ્લાસ્ટી, બાયપાસ ઓપરેશન ફ્રી કરી આપવામાં આવશે. ત્યારે આ કેમ્પને વધુમાં વધુ દર્દીઓએ લાભ લેવા આપીલ કરાઈ છે.

ભુજ-માંડવીમાં તા.૨૬-૬થી છાશ કેન્દ્રોનું સમાપન કરાશે

ભુજ : જૈન સેવા સંસ્થા નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્ર ભુજના ઉપક્રમે સ્વ. ચેતનકુમારની સ્મૃતિમાં દાતા રાશીકાંતભાઈ બીમભજીભાઈ મોરબીયા (હસ્તે સાલી મનીષચંદ મોરબીયા અને ડો. રૂપાલીબેન રાશીકાંતભાઈ મોરબીયાના સૌજન્યથી માંડવીમાં ૯૩ દિવસથી કાર્યાન્વિત અને ભુજમાં લાલટેકરી પર દાતા મહાવીર ડેલાપેપર એજન્ટ-ભુજ, એક સહગુરુસ્થ, લીલાવતીબેન જે. મહેતા, મંછાબા કે. સંઘવી વિગેરેના સૌજન્યથી ૯૨ દિવસથી કાર્યાન્વિત આ બંને નિઃશુલ્ક છાશ કેન્દ્રોનું તા. ૨૬-૬ રોજ સમાપન કરાશે. સંસ્થાના પ્રમુખ વી.જી. મહેતાના અધ્યક્ષસ્થાન, દાતાઓ, કાર્યકરો, લાભાર્થીઓ, વગેરેનું આભાર વ્યક્ત કરાશે તવું હિરેન દોશી, જયેશ ચંદ્રરાની સંયુક્ત યાદીમાં જણાવાયું હતું.

ARADHAYA NOVA CINEMA 2 MUNDRA
3 Screens | 7.1 Dolby Digital Sound | 2K Digital Projection
For Tickets Booking Inquiry
+91-2838-224455
+91-9726118111
AVAILABLE NOW
book my show | paytm

Movie Programming Schedule 24th June'22 - 30th June'22

SCREEN-1			SCREEN-2			SCREEN-3		
Session	Time	MOVIE NAME	Session	Time	MOVIE NAME	Session	Time	MOVIE NAME
1"	10:00AM	Jug Jugg Jeeyo-Hindi	1"	11:00AM	Jug Jugg Jeeyo-Hindi	1"	10:00AM	777 Charlie - Hindi
2"	01:00PM	Jug Jugg Jeeyo-Hindi	2"	02:00PM	Jug Jugg Jeeyo-Hindi	2"	01:30PM	Bhool Bhulaiyaa-2 Hindi
3"	04:00PM	Jug Jugg Jeeyo-Hindi	3"	05:00PM	Samrat Prithviraj-Hindi	3"	04:15PM	Vikram Vs Last-Hindi
4"	07:45PM	Jurassic World Dominion 2D Hindi	4"	07:45PM	Jug Jugg Jeeyo-Hindi	4"	08:00PM	Naadi Dosh - Gujarati
5"	10:00PM	Jurassic World Dominion 2D Hindi	5"	10:45PM	Jug Jugg Jeeyo-Hindi	5"	10:30PM	Naadi Dosh - Gujarati

દર ચોથા શુક્રવારે મળશે
ડૉ. પૂજા બેલાણી (M.D. DM, Rheumatologist)
રૂમેટોલોજીસ્ટ એન્ડ ઈમ્યુનોલોજીસ્ટ, પા તથા સાંધાના દુઃખાવાના નિષ્ણાંત
સમય : સાંજે ૫ થી ૭
વધુ માહિતી માટે : મો. 88666 40328 (પિયુષ ભાવસાર)
ક્વિઝાઈન કચ્છ લાઈફ કેર
સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ,
૭ એરોઝ, મુન્દ્રા રોડ, ભુજ.

ભુજમાં દરેક સમાજ માટે દર શનિવારે
ફ્રી ફ્રી ફ્રી નિદાન લેબોરેટરી, X-RAY, દવાઓ
• નેફ્રોલોજિસ્ટ • ગેસ્ટ્રોલોજિસ્ટ • ડાયાબીટોલોજિસ્ટ
• ન્યૂરો ફિઝિશિયન • ન્યૂરો સર્જરી • યુરોલોજિસ્ટ
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ • ડીટીકલ કેર • ફેફસાંના નિષ્ણાંત
માહિતી : 88666 40328 (પિયુષ ભાવસાર)
ક્વિઝાઈન કચ્છ લાઈફ કેર
સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ,
૭ એરોઝ, મુન્દ્રા રોડ, ભુજ.

The Gandhidham Mercantile Co-op Bank Ltd.
"GMCB Bhavan", Plot No. 12, Sector-9, Gandhidham-Kutch.
Require IT-Officer
for our Gandhidham Branch (On CTC Basis)
Qualification : Diploma/ BCA/ BE-IT/ MSC-IT/ Specialisation in Cyber Security or equivalent from recognized institute.
Preference will be given to those candidates who are having Banking IT Experience. Salary will be as per capability.
Application on plain paper in own hand writing with self attested Xerox copies of all testimonials, Certificates, Passport size Photograph etc, and should reach upto 30.06.2022 (Thursday)
Place : Gandhidham
Date : 21.06.2022
Babulal A. Sighvi
(Managing Director)

ધી ભુજ કોમર્શિયલ કો-ઓપ. બેન્ક લિ.
હે.ઓ. પ્લો. ૨૫ માળ, સંતોષ ભવન, ન્યુ સ્ટેશન રોડ. ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧. ફોન : ૨૫૫૬૦, ૨૨૦૮૭૩
(સભાસદશ્રીઓ જોગ ચૂંટણીના મતદાન સ્થળમાં ફેરફાર બાબતે જાહેર વિજ્ઞપ્તિ)
આથી બેંકના માનનીય સભાસદશ્રીઓને જણાવવાનું કે બેંકના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની આગામી વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૭ (પાંચ વર્ષ) માટેની ચૂંટણી તા. ૧૭/૦૭/૨૦૨૨ના રોજ યોજનાર છે જે અંગેનું જાહેરનામું તા. ૧૦/૦૬/૨૦૨૨ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ જેમાં ભુજ મધ્યે મતદાન સ્થળ શ્રી વી.ડી. હાઈસ્કુલ, ઈન્દ્રાબાઈ પાર્ક સામે દર્શાવેલ છે. આ સમયગાળામાં બોર્ડની પરીક્ષાઓ લેવામાં હોઈ આ સ્થળે પરીક્ષા કેન્દ્ર ફાળવેલ હોતાં ચૂંટણી મતદાન તા. ૧૭/૦૭/૨૦૨૨ રવિવારના રોજ બીચેના સ્થળે નોંધવામાં આવશે જેની નોંધ લેવા વિનંતી.
શ્રી ભુજ લોહાણા બોર્ડિંગ સંચાલીત છીટીશ મીડીયમ પ્રાઇમરી સ્કુલ, સુજાન સ્પાર્ક્સ્યાવાડા મોરેજી સામે, સીટી પોલીસ સ્ટેશન રોડ, ભુજ-કચ્છ.
નોંધ : ચૂંટણી અંગેના જાહેરનામા સંબંધિત અન્ય વિગતો સમાચાર રહેશે.
સ્થળ : ભુજ-કચ્છ.
તારીખ : ૨૩/૦૬/૨૦૨૨
હીરેન એસ. મજેઠીયા
ચૂંટણી અધિકારી

ફોર્મ - એ
જાહેર નોટીસ
(ઈન્કોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી બોર્ડ ઓફ ઈન્ડીયા અધિનિયમ ૨ ખંડમાં)
(રીઝોલ્યુશન પ્લાન ફોર કોર્પોરેટ ઈન્સોલ્વન્સી રીઝોલ્યુશન પ્રોસેસ) અધિનિયમ ૨૦૧૬
નાના લાગજા પાવર કંપની લીમીટેડના લેણદાર જોગ

	વિગત	
૧.	કોર્પોરેટ ડેબ્ટરનું નામ	નાના લાગજા પાવર કંપની લીમીટેડ
૨.	કોર્પોરેટ ડેબ્ટરની રીઝોલ્યુશન પ્રોસેસની શરૂઆત	તા. ૧૦/૦૬/૨૦૨૨
૩.	કોર્પોરેટ ડેબ્ટર જે કાયદેસર અને નોંધાયેલ છે.	ઇન્ડાયોગી - ગુજરાત
૪.	કોર્પોરેટ ડેબ્ટર ઓળખ નંબર/ સી.આઈ.એન નંબર	U40100GJ2010PLC0062958
૫.	રેજીસ્ટર્ડ કચેરીનું પૂરુ નામ/નોંધણી કરવાનું	૩૦૧-૩૦૨, સર્વિસ સેન્ટર, નવરંગ, અમદાવાદ-ગુજરાત-૩૮૦ ૦૦૯
૬.	રેજીસ્ટર્ડ ઈ-મેલ-સ્ટેન્ડ-નોંધણી તા.	NCLT અધિકૃત-અમદાવાદ બેન્ચ/કોર્ટ રીઝલ્ટ, C.P. ૩૮ અધિકૃત કર્યા છે (CIR) 2021
૭.	દેવાદારની જાણ પહોંચાડવી/નોટીફીકેશન તા.	ઇન્ડીયન એક્સપ્રેસ (ઇંગ્લીશ અખબાર) અને ગુજરાત સમાચાર (ગુજરાતી અખબાર) તા. ૧૧/૦૬/૨૦૨૨
૮.	અધિકૃત રીઝલ્યુશન પ્રો. ઈન્સોલ્વન્સી પ્રોફેશનલ નામ અને સરનામું/ઈમેલ	**શ્રી પાર્થ કાકીયોગી** ઇમેલ આઈડી: ઓફિસ: ૩૦૧, સર્વિસ સેન્ટર, નવરંગ, અમદાવાદ-૩૮૦૦૦૯
૯.	પ્રો. સર્ટી. નોંધણી ધરાવતા રીઝલ્યુશન સરનામું/ઈમેલ	સરનામું: ૩૦૧, સેન્ટર પોઈન્ટ બીલ્ડીંગ, સી.જી. રોડ, નવરંગપુરા, નીલ મેટલ્સ પ્રા. લિ. રિઝોલ્યુશન પ્રો., નીલ મેટલ્સ પ્રા. લિ. ઈમેલ: cirpnmpl@gmail.com
૧૦.	પત્રવ્યવહારનું સરનામું/ઈમેલ	સરનામું: ૩૦૧, સેન્ટર પોઈન્ટ બીલ્ડીંગ, સી.જી. રોડ, નવરંગપુરા, નીલ મેટલ્સ પ્રા. લિ. રિઝોલ્યુશન પ્રો., નીલ મેટલ્સ પ્રા. લિ. ઈમેલ: cirpnmpl@gmail.com
૧૧.	કોર્ટીય જાહેર કરાયાની ઈલેક્ટ્રોનીક નોટીસ	(C.A.G / ૩૮ / ૨૦૧૮ (કંપનીને લગતી નિયમોની અમલવારી, નેશનલ કંપની લોઝ ટ્રીબ્યુનલ ખંડપીઠ ગુજરાત) R. C.P. (IB) 231 / AMNH 2021 માં અધિકૃત કર્યા છે અને અધિકૃત કરવામાં આવે છે)
૧૨.	અરજદારના વકીલ, કોર્ટ અધિનિયમ (બીજી પેટાકલમ (સેન્ટ) સેકશન ૨૩ અધિનિયમ રીઝલ્યુશન પ્રોફેશનલ માટેના	લાગુ પડતું નથી
૧૩.	ઈન્સોલ્વન્સી પ્રોસીડીંગ સંબંધે અગાઉના ઈન્સોલ્વન્સી પેટે (ક્રિયેન્ટ ટીમ જાણ)	લાગુ પડતું નથી
૧૪.	(એ) અધિકૃત રીઝલ્યુશન અને (બી) અધિકૃત પ્રોસીડીંગની માહીતી	https://ibbi.gov.in/home/downloads

અહીં નોટીસ દ્વારા કંપની સી.ડી.આઈ. એકાઉન્ટ નેશનલ કંપની લોઝ ટ્રીબ્યુનલ ગુજરાત મુજબ નીલ મેટલ્સ પ્રા. લિ. કંપની રીઝોલ્યુશન પ્રોસેસ હેઠળ છે અને રીઝોલ્યુશન પ્રોફેશનલ તરીકે નીચે મુજબ નક્કી કરવામાં આવે છે.
મોટે. ઈન્સોલ્વન્સી પ્રોફેશનલ કંપની સી.ડી.આઈ. એકાઉન્ટ નેશનલ કંપની લોઝ ટ્રીબ્યુનલ ગુજરાત દ્વારા જારી કરાયેલ અધિકારી અને કોર્પોરેટ ડેબ્ટર. C.P. (IB) 231 / AMNH 2021 - ૩૦૧ સેન્ટર પોઈન્ટ બીલ્ડીંગ, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯ ઈમેલ: cirpnmpl@gmail.com
નીલ મેટલ્સ પ્રા. લિ. કંપની રીઝોલ્યુશન પ્રોફેશનલ તરીકે નીચે મુજબ નક્કી કરવામાં આવે છે.
તા. ૧૦/૦૬/૨૦૨૨ ના રોજ કંપની સી.ડી.આઈ. એકાઉન્ટ નેશનલ કંપની લોઝ ટ્રીબ્યુનલ ગુજરાત દ્વારા જારી કરાયેલ અધિકારી અને કોર્પોરેટ ડેબ્ટર C.P. (IB) 231 / AMNH 2021 - ૩૦૧ સેન્ટર પોઈન્ટ બીલ્ડીંગ, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯ ઈમેલ: cirpnmpl@gmail.com
તારીખ મુજબ રીઝોલ્યુશન પ્રોફેશનલ તરીકે કામ કરશે. રીઝોલ્યુશન પ્રોફેશનલ તરીકે નીચે મુજબ કામ કરશે.
તારીખ મુજબ રીઝોલ્યુશન પ્રોફેશનલ તરીકે કામ કરશે. રીઝોલ્યુશન પ્રોફેશનલ તરીકે નીચે મુજબ કામ કરશે.
નેગેશનલ ઈન્સોલ્વન્સી આવશે અને દાવાઓ રજૂકરાને પેમ્બલી રૂકરાવશે.
પ્રાપ્તકર્તા મેનેજીંગ
તા. : ૨૪/૦૬/૨૦૨૨ (સંકલિત રીઝલ્યુશન પ્રોફેશનલ)
સ્થળ : મુંબઈ